ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૬૦૫.૦૦ લાખની જોગવાઈ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૩૦૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત...

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૩૧૨/૬૯૮૪૮૫/જ.
સચિવાલય, ગાંધીનગર.
તા:-૦૫/૦૨/૨૦૨૨

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૨૦/૩૦૯/બ.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૦૬-૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ.

૩. ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૫/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક:અવિકો/નાણાં/૨૦૨૧-૨૨/૪૨૧૩.

૪. નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૧/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક:અજાક/મ-૬/૨૦૨૧/૧૪૬-૧૪૯.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર માટે વર્ષ:૨૦૨૧-૨૨માં રૂ.૬૦૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની બજેટ જોગવાઈ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના બજેટ શાખાના ઠરાવથી રૂ.૧૦૦.૦૦ કરોડથી ઓછી રકમની યોજનાઓને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર માટે રૂ.૬૦૫.૦૦ લાખ ફાળવી આપવાની બાબતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક:૦૨નાં ઠરાવથી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે રૂ.૩૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટના પ્રથમ હપ્તાની ફાળવણી કરવા માટે મંજુરી આપવામાં આવેલ છે. નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૦૩ પરના પત્રથી વર્ષ:૨૦૨૧-૨૨માં થયેલ બજેટ જોગવાઇ પૈકી બીજા હપ્તાની બાકી રહેતી રૂા.૩૦૫.૦૦ લાખની વહીવટી ગ્રાંટ છૂટી કરવા મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે. તેમજ વંચાણે લીધેલ ક્રમ-૦૪ પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરે પણ નિગમ માટે થયેલ બજેટ જોગવાઇ પૈકી બીજા હપ્તાની બાકી રહેતી રકમ ફાળવી આપવા ભલામણ કરેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે વર્ષ:૨૦૨૧-૨૨માં વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ.૬૦૫.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી બીજા હપ્તાની બાકી રહેતી રૂા.૩૦૫.૦૦ લાખ (રૂપિયા ત્રણસો પાંચ લાખ પુરા)ની વહીવટી ગ્રાન્ટ નીચે મુજબની શરતોને આધિન ફાળવવાની મંજૂરી આપવામાં આવે છે:-

૧) સને ૨૦૨૧-૨૨ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવે છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

૫) હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં જે-તે માસના અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-૦૧ SCW-13 (BCK-40) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ(વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૪/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ
- પસંદગી ફાઇલ-૨૦૨૨.